Extra No. 1156

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI ] MONDAY, DECEMBER 22, 2025 / PAUSHA 1, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART I-B

## CENTRAL SECTION

### Government Notifications Published Under Land Acquisition Act Only

**REVENUE DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 22nd December, 2025

**(The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013) (30 of 2013)**

**District :- Ahmedabad**

**No:- AM-M-2025-893-LAM-1225-1174-CH:** 1. In exercise of the powers conferred by sub-section (1) of section-11 of The Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 (30 of 2013) (hereinafter referred to as “The Act”) the Government of Gujarat hereby declares that the land/lands mentioned in the Schedule annexed hereto is/are required for the purpose of "Bhimnath-Dholera Rail Line Project";

2. It is notified that,

1. The area of land/lands required for the above project is 1929 Sq.mtr. and is at- Sodhi Village of Dholera Taluka of Ahmedabad District;

2. The public purpose involved in the above project is construction of infrastructure of "Bhimnath-Dholera Rail Line Project".

3. The reasons necessitating the displacement of the affected persons are:

   Not applicable.

4. Under Section 10A of the Act, inserted by the Gujarat Act of 12 of 2016, exemption is given vide Government of Gujarat, Revenue Department Notification No.AM-M-2025-736-LAM-1225-1174-CH, Date:07/10/2025 that, it is not required the Social Impact Assessment Study Report.

5. The Particulars of the Administrator appointment under section 43 of the act are as under – Additional Special Land Acquisition Officer, Ahmedabad.

3. All the persons interested in these lands are hereby notified not to obstruct and disturb any Surveyor of other staff to enter upon and survey the land Any transactions in respect of whole or part of these lands in whatsoever manner including by sale, lease, mortgage, change of name, exchange entered into after the date of this Notification made without permission of the Collector shall not be taken into consideration by the officer assessing the compensation under section 27 of the Act for a particular portion of the land as may be finally acquired.

4. The Government of Gujarat, if satisfied about acquisition of the land for aforesaid public purpose, may publish final declaration under section 19 of the Act in this regard in the manner and timeframe so prescribed under the Act. In case the acquisition is dropped partially or entirely, such fact shall be notified in a proper manner as provided under the Act.

5. Read with Gujarat Government Extra Ordinary Gazette Part-IV dated 12 August, 2016 The Gujarat Act No.12 of 2016 and Under Clause-1 of Section-3G of the Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 (30 of 2013) the Government of Gujarat pleased to appoint Additional Special Land Acquisition Officer, Ahmedabad who may for the time being in Charge of Dholera Taluka to Perform the function of a Collector in respect of the said lands.

6. Objection to the acquisition, if any may be field by the person interested within 60 (sixty Days) from the date of publication of this notification as provided under section-15 of the ACT before the Additional Special Land Acquisition Officer, Ahmedabad.

**SCHEDULE**

**District : Ahmedabad** **Taluka : Dholera** **Village : Sodhi**

| Sr. No. | Old Survey/Block No. | Old Survey/Block No. | Area (in He.are.sq.mtr) |
|---|---|---|---|
| 1 | 111/1/1 | 763 | 0-19-29 |
| | | **Total Area (in He.are.sq.mtr)** | **0-19-29** |

By Order and in the name of the Governor of Gujarat,

**RAJ NAMERA,**

Under Secretary to Government.

**મહેસૂલ વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૫

**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩)**
**(૨૦૧૩નો ૩૦મો)**

**જિલ્લોઃ અમદાવાદ**

**ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૮૯૩-જઅમ-૧૨૨૫-૧૧૭૪-ચઃ** ૧. જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (હવે પછી તેનો ઉલ્લેખ ''અધિનિયમ'' તરીકે કરવામાં આવશે) ની કલમ-૧૧ ની પેટા કલમ (૧) હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનની જાહેર હિતમાં, “ભીમનાથ-ધોલેરા રેલ લાઇન પ્રોજેક્ટ”ના જાહેર હેતુ માટે સંપાદિત કરવાની જરૂર છે.

૨. આથી જાહેર કરવામાં આવે છે કે,

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન ૧૯૨૯ ચો.મી. છે. અને તે અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના સોઢી ગામમાં આવેલ છે.

(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે.

''ભીમનાથ-ધોલેરા રેલ લાઇન પ્રોજેક્ટ''

(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે.

લાગુ પડતું નથી.

(૪) ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ થી દાખલ કરેલ કલમ-૧૦(એ) હેઠળ મહેસૂલ વિભાગ, ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક : અમ-મ-૨૦૨૫-૭૩૬-જઅમ-૧૨૨૫-૧૧૭૪-ચ તા.૦૭/૧૦/૨૦૨૫ થી મુકિત આપવામાં આવેલ છે. આથી, ઉક્ત અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મૂલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે.

વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદ

૩. આ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે, કોઇપણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરતા અટકાવવા નહિં. આ જાહેરનામું બહાર પડયા બાદ, કલેક્ટરશ્રીની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઇ ભાગની કોઇપણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડાપટ્ટે આપવી, ગીરવે મૂકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહીં. જો તેમ કરવામાં આવે તો અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદન વખતે વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહીં આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો, અધિનિયમની કલમ-૧૯ હેઠળ અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદાની અંદર અને તેમાં જણાવેલી રીતે આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે, તો આવી હકિકત, અધિનિયમની જોગવાઇ મુજબ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે.

૫. જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) ની કલમ-૩(જ) હેઠળ મળેલ સત્તાની રૂએ, રાજ્ય સરકાર, આ જમીનોના સબંધમાં આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ કાર્ય કરવા અને ફરજો બજાવવા માટે વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદને ધોલેરા તાલુકા માટે જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

૬. આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦ (સાઇઠ) દિવસની અંદર આ અધિનિયમની કલમ-૧૫ મુજબ સંપાદન બાબતે હિત ધરાવતી વ્યક્તિને જો કોઇ વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, અમદાવાદને રજૂઆત કરી શકશે.

**અનુસૂચિ**

**જિલ્લો- અમદાવાદ** **તાલુકો- ધોલેરા** **મોજે- સોઢી**

| અ.નં. | જૂનો સર્વે/બ્લોક નંબર | નવો સર્વે/બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં) |
|---|---|---|---|
| ૧ | ૧૧૧/૧/૧ | ૭૬૩ | ૦-૧૯-૨૯ |
| | | **કુલ ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.માં)** | **૦-૧૯-૨૯** |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**રાજ નમેરા,**

સરકારના ઉપસચિવ.

----------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.12.29 09:28:21 IST